૧૩/૫.૧૭

જાહેર હિતના બાંધકામો ગુણવત્તાસભર તથા કરારખતની જોગવાઇ મુજબના થાય તે અંગેના નિવારાત્મક તકેદારી સુચનો

ગુજરાત સરકાર
ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:તકઅ-૨૦૧૨-૧૦૨૭-૧૧ગુ.નિ.
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨/૨૦૧૨ ૧/૧/૧૩

**વંચાણ:** (૧) મુ.ઇ. અને અ.સ.,ગુ.ત.આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પીવીઆઇ-૧૩૨૦૧૨-૪૬૧૩૮૦-ગ તા.૬/૧૦/૧૨

(૨) ઉપ સચિવ(તપાસ) ના પત્ર નં તકઅ/૧૫૨૦૧૨/વીસી-૨૨૪/૨૯/ઇ.૪સેલ તા.3/૧૧/૧૨

<u>પ્રસ્તાવના :</u>

ગુજરાત તકેદારી આયોગના તાંત્રિક એકમ દ્વારા જુદા જુદા વિભાગો/નિગમો/બોર્ડો/સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા જાહેર હિતના બાંધકામોની છેલ્લા પાંચ વર્ષથી નિવારાત્મક તકેદારીના ભાગરૂપે નિરીક્ષણો કરવામાં આવે છે. આ નિરીક્ષણો દરમ્યાન આયોગને સર્વ સામાન્ય એવું અવલોકન ધ્યાને આવેલ છે કે બાંધકામમાં વાપરવામાં આવતો મુખ્ય માલસામાન જેવો કે,કપચી, સિમેન્ટ, રેતી, પાણી, પથ્થરો, સ્ટીલ, લાકડુ, ઇંટો, પાઇપો, ડામર તેમજ માટીકામમાં અલગ અલગ ઝોન જેવા કે ઇમ્પરવીયસ ઝોન, સેમી ઇમ્પરવીયસ ઝોન, ફીલ્ટર ઝોન, રોકટો, પીચીંગ વિગેરેમાં વપરાતી સોઇલ(માટી), રેતી, પથ્થરો વિગેરે ઘણી વખત ટેન્ડર સ્પેશીફીકેશનમાં દર્શાવ્યા અનુસારની ગુણવત્તાવાળા જોવા મળતા નથી.

ઉપરોક્ત હકીકતે, જાહેર હિતના બાંધકામો ગુણવત્તાસભર તથા કરારખતની જોગવાઇ મુજબના થાય તે માટે જે તે મંજુર થયેલ કામ શરૂ કરતાં પહેલા મંજુર થયેલ કામમાં જે મુખ્ય માલસામાન વાપરવાનો થતો હોય, તેના નમુના નિયત માત્રામાં લેવડાવી સરકાર માન્ય પ્રયોગશાળામાં કરારખતની જોગવાઇ મુજબના પરિક્ષણો કરાવી માન્ય નમુનાને કામના સ્થળે પર્યાપ્ત માત્રામાં સુરક્ષીત રીતે સ્ટેક કરવામાં આવે, તેમજ સદર માલસામાનનું પ્રાપ્તિ સ્થળ/મંજુર કરેલ બોરો એરીયા તથા પરીક્ષણના માન્ય પરિણામો સહિતની વિગતો દર્શાવતું બોર્ડ રાખવામાં આવે તો ચાલુ કામમાં વાપરવામાં આવતો માલસામાન મંજુર થયા મુજબના નમુના પ્રમાણે છે કે કેમ? તેની સરખામણી આસાનીથી થઇ શકે. આમ આવા કામના નિરીક્ષણ વખતે તેમજ જાહેર જનતા પણ આ બાબતથી વાકેફ થવાથી ઇજારદાર કામમાં હલકી કક્ષાનો માલસામાન વાપરવા પ્રેરાય નહિ તેમજ પારદર્શિતામાં પણ વધારો થાય.

પાછળ.......

**પરિપત્ર :**

ઉપરોક્ત બાબતો ધ્યાને લેતાં વિભાગ હેઠળના તમામ ક્ષેત્રિય તાંત્રિક અધિકારીઓ/ કર્મચારીઓ અને કામના સંબંધિત ઇજારદારને જરૂરી કાળજી લેવા આથી નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) કરારખતની જોગવાઇ અનુસારના જાહેર બાંધકામમાં વાપરવાના થતા મુખ્ય માલસામાન કે સાધન સામગ્રીના મંજુર થયેલ નમુનાઓને આબોહવાથી તેમજ અન્ય સંભવિત અસરકર્તા પરિબળોથી સુરક્ષિત રીતે કામના સ્થળે પર્યાપ્ત માત્રામાં જરૂરી વિગતો સાથે સ્ટેક કરવામાં આવે.

(૨) સદર માલસામાનનું પ્રાપ્તિ સ્થળ/મંજુર થયેલ બોરો એરીયા તથા પરિક્ષણના માન્ય પરિણામો સહિતની વિગતો દર્શાવતું બોર્ડ કામના સ્થળે રાખવામાં આવે.

(૩) જરૂર જણાય ત્યારે પરિક્ષણના માન્ય પરિણામો જોવા માટે ઉપલબ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) હવે પછી કરવાના થતા કામોના ટેન્ડરોમાં પણ આ સુચનાને યોગ્ય રીતે સમાવિષ્ટ કરવા સર્વે ક્ષેત્રિય તાંત્રિક અધિકારીઓ/કર્મચારીઓને જણાવવામાં આવે છે.

કામના સ્થળે સદર સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે ક્ષેત્રિય તાંત્રિક અધિકારીઓ /કર્મચારીઓને જાણ કરવામાં આવે છે.

સેકશન અધિકારી
ગુણવત્તા નિયમન શાખા
ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

માન.મંત્રીશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
માન.રાજ્ય કક્ષા મંત્રીશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
માન.સંસદીય સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
ખાસ સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦બી, ગાંધીનગર,
સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
વહીવટી સંચાલકશ્રી, જળસંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર
મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, આણંદ
મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા
સર્વે તાંત્રિક અધિકારી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય